જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૩/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૩૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૯૪	૧	૧૧૨૯૫	૧૭૪૧૪	૧	૧૭૪૧૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૫૫	૪	૨૯૦૫૯	૩૦૩૯૯	૮	૩૦૪૦૭
કુલ		૪૫૧૨૧	૫	૪૫૧૨૬	૫૪૩૧૭	૯	૫૪૩૨૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭	૬,૧૧,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૫૪	૫,૫૪,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ક્રાઈમ બ્રાન્ચ

એક ઈસમને ઓટો રિક્ષા સાથે પકડી પાડી વાહન ચોરીના કુલ-૨ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનરશ્રી પ્રેમ વીર સિંગ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ચૈતન્ય આર. મંડલીક સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ સુચના તથા માર્ગદર્શન આપેલ.

જે સુચના તથા માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓના સ્કર્વાડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કર્વાડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સ્ટાફના હે.કો.કૌશિક ગોવિંદભાઈ તથા પો.કો. રમેશકુમાર હિરદેરામ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ઓઢવ છોટાલાલની ચાલી ચાર રસ્તા પાસેથી એક આરોપી સુંદરદાસ ઉર્ફે સાહીલ ઉર્ફે બાબુ સન/ઓફ રામસ્વરૂપદાસ હરનામદાસ જાતે દાસ (સાધુ) ઉ.વ.૨૪ રહે: વિજય રબારીના મકાનમાં પઠાણની ચાલી ફદેલી કૃષ્ણનગર અમદાવાદ શહેરનો એક સી.એન.જી. ઓટોરીક્ષા નંબર GJ.07.V.W.7814 સાથે મળી આવેલ. જે ઓટોરિક્ષા ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનું જણાઈ આવતાં આ ઓટોરિક્ષા કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ની મત્તાની સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આ આરોપીને તા.૦૬/૦૩/૨૦૨૧ ના કલાક ૧૬/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ આરોપીની પુછપરછ તપાસ દરમ્યાન સરદારનગર પો.સ્ટે. તથા મણિનગર પો.સ્ટે. વિસ્તારમાંથી વાહનચોરીના ગુન્હાઓ આચરેલ હોવાનું જણાવેલ છે.

આરોપીની કબુલાત

(૧) આ પકડાયેલ આરોપીએ ત્રણેક દિવસ અગાઉ વહેલી સવારના કુબેરનગર ભાનુ સ્કુલની આગળ પાસે પાર્ક કરેલ ઓટો રિક્ષાની ચોરી કરેલ.
(૨) આ પકડાયેલ આરોપીએ આજથી આશરે ૧૪ મહિના પહેલા મણિનગર કૃષ્ણબાગ ચાર રસ્તા આગળ મુક્તિ મેદાન તરફના રોડે પાર્ક કરેલ એક ઓટો રિક્ષાની ચોરી કરેલ.

શોધાયેલ ગુન્હા

(૧) સરદારનગર પો.સ્ટે. પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૦૨૧૦૫૯૦/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ.
(૨) મણિનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૦૧૫/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ.

ઉપરોકત પકડાયેલ આરોપીએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતેની તપાસ ચાલુ છે.





પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ-અલગ બ્રાંડ મળી કુલ્લે નંગ-૧૯૪૨ જેની કી રૂ. ૩,૫૩,૦૦૦/- તથા મારૂતી બ્રેજા ગાડી કી,રૂ ૫,૦૦,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ.૮,૫૫,૬૮૦/- નો મુદામાલ પકડી પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી “પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ ના પો.સબ.ઇન્સ.કે.બી.રાઠોડ તથા સાથેના પો.સબ.ઇન્સ જે.જી.કામળીયા તથા માણસો પેટ્રોલીંગમા હતા.દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી વિસ્તારમા પેટ્રોલીંગમા હતા.દરમ્યાન સાથેના પો.કોન્સ પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પોકોન્સ પંકેશકુમાર ધનાભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે અગાઉ પ્રોહીબીશનના ગુન્હામા અવાર નવાર પકડાયેલ જીગ્નેશ ઉર્ફે જીગો ઉર્ફે જયેશ બળદેવભાઇ સોલંકી તથા તેનો ભાઇ હાલમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી કરે છે.અને છેલ્લા બે ત્રણ કલાકથી શકમંદ હાલતમાં ગોડાઉનમાં ભરીને લઇને આવે છે જે જગ્યાએ જી.આઇ.ડી.સી ફેઝ-૪ માં આવેલ પ્લોટ નં-૮૦૨ માં જઇ પ્લોટનો દરવાજો અંદરથી બંધ હોય અને રેઇડ કરતાં રેડ દરમ્યાન વરંડો કુદી ભાગીગયેલ ઇસમ નામે જીગ્નેશ ઉર્ફે જીગો ઉર્ફે જયેશ બળદેવભાઇ સોલંકી તથા તેનો ભાઇ અનીલ ઉર્ફેકાલી બળદેવભાઇ સોલંકી બંન્ને રહે- અરવિંદભાઇની ચાલી,મુઠીયા ગામ,નરોડા જી.આઇ.ડી.સી, નરોડા, અમદાવાદનાઓ ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૯૪ તથા ક્વાર્ટર નંગ-૫૭૬ તથા બીઅરના ટીન નંગ-૧૦૮૦ તથા પાઉચ નંગ-૧૯૨ મળી તમામ ભારતીય બનાવટના વિદેશીદારૂ તથા બીઅર કી રૂ ૩,૫૩,૦૦૦/- તથા બ્રેજા ગાડી નં- જી.જે-૧૮-બી.કે-૧૭૪૭ કી રૂ ૫,૦૦,૦૦૦/- તથા ગાડીમા થી મળી આવેલ અલગ અલગ ડોક્યુમેન્ટસ કિ રૂ.૦૦/- તથા રોકડા રૂ ૨,૬૮૦/- મળી કુલ્લે રૂ ૮,૫૫,૬૮૦/- નો મુદ્દામાલ મુકી ભાગી ગયેલ હોય તેઓના વિરૂધ્ધ તા.૦૬/૦૩/૨૦૨૧ ના કલાક ૨૩/૪૫ વાગે ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઇ) ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો નોધી સારી કામગીરી કરેલ છે. તા.૦૬/૦૩/૨૦૨૧.

આરોપીઓનુ નામ-વોન્ટેડ-

(૧) જીગ્નેશ ઉર્ફે જીગો ઉર્ફે જયેશ બળદેવભાઇ સોલંકી તથા (૨) અનીલ ઉર્ફે કાલી બળદેવભાઇ સોલંકી બંન્ને રહે અરવિંદભાઇની ચાલી,મુઠીયા ગામ,નરોડા જી.આઇ.ડી.સી.,નરોડા,અમદાવાદ શહેર

મુદ્દામાલ –

ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૯૪ તથા ક્વાર્ટર નંગ-૫૭૬ તથા બીઅરના ટીન નંગ-૧૦૮૦ તથા પાઉચ નંગ-૧૯૨ મળી તમામ ભારતીય બનાવટના વિદેશીદારૂ તથા બીઅર સાથે મળી કુલ્લે નંગ – ૧૯૪૨ જેની કી રૂ ૩,૫૩,૦૦૦/- તથા ઉપરોક્ત બ્રેજા ગાડી કી રૂ ૫,૦૦,૦૦૦/- તથા ગાડીમા થી મળી આવેલ અલગ અલગ ડોક્યુમેન્ટસ કિ રૂ ૦૦/- તથા રોકડા રૂ ૨,૬૮૦/- મળી કુલ્લે રૂ ૮,૫૫,૬૮૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.પી.બી.ખાંભલા તથા સર્વે સ્વોડ પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પંકેશ ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.





કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશનનો કેસ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૦૭/૦૩/૨૦૨૧ ના રોજ ક.૧૧/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૩/૧૦ વાગે મનોહરવીલા ચાર રસ્તા પાસે આવતા પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " મનોહરવીલા ચાર રસ્તા પાસે ચિત્રકુટ આવાસ યોજના ના મકાન નં-૧૩/૩૮૮, માં એક મહિલા નામે સંગીતાબેન શોહીલભાઇ શાહ નાની એ પોતાના ઘરની અંદર કેટલોક ભારતીય બનાવટનો ઇગ્લીસ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી હકિકત વાળી જગ્યાએ મકાન ની અંદર મહિલા પોલીસ સાથે રેઇડ કરી એક મહિલાને આજરોજ તા.૦૭/૦૩/૨૦૨૧ ના ક.૧૫/૧૦ વાગે સદરી જગ્યાએથી ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂની GRAVITY PURE GRAIN VODKA ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૧ તથા ROYAL CHALLENGE CLASSIC PREMIUM WHISKY ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૨ મળી કુલ્લે બોટલ નંગ-૨૩ કુલ્લે કિ.રૂ.૧૧,૫૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મુદ્દામાલ કબ્જે કરી ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી પ્રોહીબીશન નો કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૦૭/૦૩/૨૦૨૧

મહિલા આરોપીનુ નામ:

સંગીતાબેન વા/ઓ શોહીલભાઇ હર્ષદભાઇ જાતે શાહ ઉ.વ.૩૨ રહે,મ.નં-૧૩/૩૩૮, ચિત્રક્કુટ આવાસ યોજના ના ઔડાના મકાન મનોહરવીલા ચાર રસ્તા પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ

મુદ્દામાલ :-

ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂની GRAVITY PURE GRAIN VODKA ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૧ તથા ROYAL CHALLENGE CLASSIC PREMIUM WHISKY ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૨ મળી કુલ્લે બોટલ નંગ-૨૩ કુલ્લે કિ.રૂ.૧૧,૫૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.ન.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.ન.૧૦૧૮૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા વુ.લોકરક્ષક પિનલબેન જગદિશભાઇ બ.નં-૧૨૮૮૮ તથા બીજા સ્ટાફના માણસો

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૧ લીટર દેશી દારૂ, ૨૯૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૨૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧૦૭ બિયર ટીન, ૨ કાર, ૪ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૩૩/૨૦૨૧**

ઘાટલોડીયાઃ શ્યામુ સ/ઓ રણછોડભાઇ દેસાઇ (ઉ.વ.૨૫) (રહે. કાંતિપાર્ક સોસાયટી ચાણક્યપુરી બ્રીજની બાજુમાં ઘાટલોડીયા) એ તા.૦૭/૦૩/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દિપકભાઇ આહુઝા (રહે.નરોડા ખાતે જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ શ્યામુ દેસાઈને મકાનની લોન કરાવી આપવાનુ કહી લોન પ્રોસેસ પેટે શ્યામુ દેસાઈ પાસેથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મેળવી લઈ લોન નહી કરાવી આપી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ગિરવતસિહ રામસિહ ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૩૪/૨૦૨૧**

એલીસબ્રિજઃ વિક્રમભાઇ રજનિકાંતભાઇ ત્રીપાઠી (રહે. ઇ/૧ ઋષવિના એપાર્ટમેન્ટ નવકાર કોમ્પલેક્ષ પાછળ શ્રેયસ ક્રોસીંગ પાસે આંબાવાડી) એ તા.૦૭/૦૩/૨૦૨૧ ના રોજ એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના (કિમત જાણવા મળેલ નથી) અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

સરદારનગરઃ જગદિશભાઇ નથુરમલ વણીદાણી (રહે. શાંતિદર્શન ફલેટ શ્રીજી ડેરી પાસે બંગલા એરીયા કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૧૫ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૪૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૩૫/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ મોહમદઇબ્રાહીમ શેરમોહમદ કુરેશી (ઉ.વ.૫૩) (રહે. લોધાવાદ મોહલ્લો મટન માર્કેટ પાછળ મીરઝાપુર) એ બિમારીથી કંટાળી તા.૦૭/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ પશ્ચિમ તરફ એલિસબ્રિજ પાસે રીવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ આંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

ખોખરાઃ રાજુભાઇ આણંદભાઇ સબકાળે (ઉ.વ.૬૦) (રહે. પંજાબી તાળાવાળાની ચાલી ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ આંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી